₹ ૧૫/-

સુવર્ણનો સેતુ

# પ્રભુ અર્પણ

એપ્રિલ - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

શ્રી માતાજીનું સતત સાંનિધ્ય અભ્યાસ દ્વારા કેળવાય છે. સાધનાની સફળતા માટે ઈશ્વરકૃપા આવશ્યક છે, પરંતુ એ માટેનો અભ્યાસ જ કૃપાના અવતરણને શક્ય બનાવે છે.

તમારે અંતર્મુખ થતાં શીખવું જોઈએ માત્ર બાહ્ય વસ્તુઓમાં રાચતા રહેવું નહિ. મનને શાન્ત કરવું અને શ્રી માતાજીનું કાર્ય જે તમારી અંદર ચાલી રહેલું છે એ વિશે સભાન થવાની અભીપ્સા સેવવી જોઈએ.

શ્રી અરવિન્દ

## શ્રી માતાજીની હાજરી

તમારા હૃદયમાં તમે શ્રી માતાજી પરત્વેનું ખેંચાણ અનુભવો અને શ્રી માતાજીની હાજરીનું દર્શન તેમ જ એની અનુભૂતિ માટે અભીપ્સા સેવો એ એકદમ યોગ્ય છે અને સાધનામાં એ પ્રકારની ચેતના હોવી એ પણ ખરી નિશાની છે. પરંતુ તમારી આ લાગણીમાં કોઈ પણ પ્રકારની ક્ષુબ્ધતા ભળી જવી જોઈએ નહિ અને એમ થયા પછી જ એ ‘હાજરી’નો તમને અનુભવ થશે, તથા એ અનુભૂતિ સુદૃઢ થતી જશે.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

એપ્રિલ – ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૪

# અનુક્રમ

## સુવર્ણનો સેતુ


| | |
|---|---|
| શ્રી માતાજી અને અતિમાનસ અવતરણ | ૦૫ |
| ઈશ્વર અને માનવજાતિ | ૧૦ |
| જરૂરી પ્રયત્ન | ૧૩ |
| શ્રી માતાજીની શક્તિ | ૧૫ |
| શ્રી માતાજી પ્રત્યે ખુલ્લા થાઓ | ૨૧ |
| શ્રી માતાજી માટે ચૈત્ય લાગણી | ૨૪ |
| સમર્પણ | ૨૭ |
| * * * | |
| વૃત્ત વિશેષ | ૩૨ |


**તંત્રી લેખ :** શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું મિલન તે પૃથ્વી ઉપર નૂતન યુગના આરંભ તેમ જ નૂતન ચેતનાની જાગૃતિની નિશાની રૂપ છે. ઇતિહાસની અમુક ન નોંધાયેલી ક્ષણે શ્રી અરવિન્દે શ્રી માતાજીને માનવજાતિના હૃદયમાં સ્થાપી આપ્યાં હતાં. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની તપસ્યાને કારણે પૃથ્વી ઉપર હાલ અતિમનસ ચેતના અને શક્તિ સક્રિય થઈ છે, જે માનવજાતિને આગળના ભાવિ માટે ઘડી રહી છે. આ ભાવિની ચાવી શ્રી માતાજી પાસે છે. કારણ શ્રી માતાજીનું દેહ ધારણ કરવું તે આવતી કાલની અતિમાનવ-જાતિ પ્રતિનો જોખમી માર્ગ પસાર કરવામાં માનવજાતિને મદદ કરવા માટે છે. 'સાવિત્રી'ના પયગંબરી દર્શનમાં આ હકીકત નીચે મજુબ પ્રકટ થઈ છે :

**લોકોએ સાંભળેલું છે જેને અંગે તે જ તે યદિ હોય તો**
**શુભ કો પલટે કોઈ જરાયે ના તાજુબી બતલાવતા.**
**મહાસુખભર્યો જે જે સહેલાઈથી ચમત્કાર થયેલ છે**
**તે રૂપાંતરતા દેતા એના હૈયાતણી જ રસસિદ્ધિ છે.**

('સાવિત્રી'ની પંક્તિનો અનુવાદ : શ્રી પૂજાલાલ)

# શ્રી માતાજી અને અતિમાનસ અવતરણ

**પ્રશ્ન :** શ્રી માતાજી વ્યક્તિ તરીકે પરમાત્માની સર્વ દિવ્ય શક્તિઓને ધારણ કરે છે અને પરમાત્માની કરુણાને પાર્થિવ ભૂમિકા ઉપર વધુને વધુ લાવી રહેલાં છે એમ મારું માનવું ખરું છે ?
**ઉત્તર :** હા.

**પ્રશ્ન :** અને તેઓ અહીં દેહમાં આવ્યાં છે તેથી સારીયે પાર્થિવ સૃષ્ટિને પોતાનું પરિવર્તન અને રૂપાંતર સાધવા માટેની તક ઊભી થયેલી છે.
**ઉત્તર :** શ્રી માતાજીએ દેહમાં આવવું એ પૃથ્વીને માટેની એક મોટી તક છે. એમના અહીં આવવાને લીધે પૃથ્વીની ચેતના પોતાની અંદર અતિમનસને ઝીલી શકશે. અને એ ઝીલવા માટે પૃથ્વીએ પોતાનું જે રૂપાંતર સાધવું જરૂરી છે તે શક્ય બનશે. આ રૂપાંતરને પરિણામે અતિમનસ આવ્યા પછી અતિમનસ દ્વારા એક બીજું આગળની કોટિનું રૂપાંતર બનશે. પણ તેથી પૃથ્વી પરની સારી યે ચેતના અતિમાનસ રૂપની નહિ બને. પ્રથમ તો, અત્યારે માણસ જેવી રીતે મનનો પ્રતિનિધિ બનેલો છે, તેવી રીતે અતિમનસનું પ્રતિનિધિત્વ ધારણ કરતી એક નવી માનવજાતિ અસ્તિત્વમાં આવશે.

**પ્રશ્ન :** શ્રી માતાજી પોતાની ઊર્ધ્વ ભૂમિકાએથી સાધક ઉપર સીધેસીધું કાર્ય કરતાં નથી, અલબત્ત તેઓ એમ ઇચ્છે તો કરી પણ શકે છે — શ્રી માતાજી એક દિવસમાં જગતનું અતિમાનસિકરણ પણ કરી શકે છે; પરંતુ એ કીસ્સામાં અહીં તૈયાર કરવામાં આવેલી અતિમાનસ પ્રકૃતિ એ ઊર્ધ્વમાં જે રીતની છે તેવી જ રહેશે. અને પછી અજ્ઞાનમાં રહેલી પૃથ્વી અતિમનસ પૃથ્વીમાં ઉત્ક્રાંત થાય એવી પરિસ્થિતિ નહિ રહે. એ પૃથ્વી પછી અતિમનસ જે રીતનું છે એવી દેખાવમાં નહિ હોય.
**ઉત્તર :** આ ખૂબ મહત્ત્વનું સત્ય છે.

**પ્રશ્ન :** શ્રી માતાજીનો પ્રકાશ તથા એમની શક્તિ પરત્વે આપણે જેટલા વધુ પ્રમાણમાં ખુલ્લા થઈશું તેટલા પ્રમાણમાં એ શક્તિ વિશ્વમાં દૃઢ થતી જશે — શું એવું નથી ?
**ઉત્તર :** જે દૃઢ થાય છે એ રૂપાંતરકારી શક્તિ હોય છે — વૈશ્વિક શક્તિ હંમેશાં ત્યાં હોય છે જ. અતિમાનસને નીચે લઈ આવવા માટે શ્રી માતાજી આવે છે અને તેમના એ અવતરણને લીધે અહીં પૂરેપૂરો આવિર્ભાવ શક્ય બનાવે છે.



*love*

હું એકમાત્ર શ્રી અરવિન્દની જ શક્તિ છું અને મારાં સર્વ બાળકોની 'મા' છું.

મારાં સર્વ બાળકો મારી આત્મસત્‌તા અને મારી ચેતનાના એકસમાન રીતે ભાગ રૂપ છે. તેઓ જ્યારે રૂપાંતર પામીને પોતાના અંતરતમ સત્યનો સાક્ષાત્કાર કરશે ત્યારે પ્રત્યેકને મારા તેમ જ શ્રી અરવિન્દના કોઈ અંશને અભિવ્યક્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થશે.

એક સર્વસાધારણ આવિર્ભાવના પારસ્પારિક અવલંબનમાં સર્વની એકતા જ પૃથ્વી ઉપર નૂતન અને દિવ્ય જગતના સર્જનને અનુમતિ આપશે. પ્રત્યેક (બાળક) પોતાનો હિસ્સો લઈ આવશે; પરંતુ કોઈનો પણ હિસ્સો આપમેળે પૂર્ણ નહિ હોય – સિવાય કે સમગ્રના પારસ્પારિક અવલંબનમાં પ્રત્યેક એક શક્તિ રૂપે હોય.

(વર્ષ ૧૯૨૭ આસપાસ આ લખાણ શ્રી અરવિન્દે લખ્યું હતું.)





શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની અસર ગ્રહણ કરવા માટે શ્રદ્ધા, આધ્યાત્મિક પથનું અનુસરણ કરવા માટેની પૂરેપૂરી સત્યનિષ્ઠા, એને માટેનો સંકલ્પ તથા પોતાની જાતને એ અસર પ્રતિ ખુલ્લા કરવાની ક્ષમતા; આ સિવાય અન્ય કોઈ શરતો નથી. આશ્રમ બહાર રહીને પણ યોગમાર્ગનું અનુસરણ કરવું પૂર્ણપણે શક્ય છે.

*

વ્યક્તિગત સ્પર્શ હોય છે; પરંતુ એમાં શારીરિક સંપર્કના થોડાં બિંદુઓ બાદ કરતાં આંતરિક નજદીકીનું તત્ત્વ વધુ હોય છે. અલબત્ત, આંતરિક સંપર્ક, આંતરિક સહાય દૂર રહ્યે રહ્યે પણ ખૂબ સારી રીતે મેળવી શકાય છે.

**શ્રી અરવિન્દ**

(CWSA 32 : 106-07)

# ઈશ્વર અને માનવજાતિ

## સાદ પ્રતિ વફાદારી

મેં જ્યારે આત્માની જ્યોતિ અને દિવ્ય સાદ પ્રતિ વફાદાર રહેવાની વાત જણાવી હતી ત્યારે હું ભૂતકાળની કોઈ વસ્તુ પરત્વે કે તમારા કોઈ સ્ખલન વિશે જણાવતો ન હતો. સર્વ કસોટીકાળમાં તેમ જ હુમલાઓ વખતે જે મહત્તમ જરૂરી હોય છે તે વિશે માત્ર સૂચન કરી રહ્યો હતો. સૂચનો, આવેગો, લાલસાઓને સાંભળવાનો ઇનકાર કરી દેવો અને સત્યને સાદ આપી, પ્રકાશને પુકારીને એ સૂચનોનો વિરોધ કરવો. શંકા અને અવસાદના સર્વ સંજોગોમાં આમ બોલવું : ''હું પ્રભુનો છું, હું નિષ્ફળ થઈ શકું નહિ.' અશુદ્ધિ તથા અયોગ્યતાનાં સર્વ સૂચનોને જણાવવું : *'હું અમરત્વનું બાળક છું, મારી પસંદગી શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ કરી છે. અલબત્ત મારે મારી જાત પ્રત્યે તેમ જ શ્રી અરવિન્દ અને શ્રી માતાજી પ્રતિ વફાદાર રહેવાનું છે— અને પછી વિજય નિશ્ચિત જ છે. અને હું જો પતન પામું તો પણ ફરીથી હું ઊભો થઈ જઈશ.''* માર્ગ છોડી દઈ અન્ય કોઈ આદર્શને અનુસરવાના સર્વ આવેગોને જણાવવાનું : *''આ જ આદર્શ મહાનમાં મહાન છે, આ જ સત્ય છે; મારા અંતરતમ આત્માને આ સત્ય જ સંતોષી શકે એમ છે. સર્વ કસોટીઓ અને તોફાનો મધ્યે આ દિવ્ય યાત્રામાં હું ટકી રહીશ.''* આ છે પ્રકાશ અને સાદ પરત્વેની વફાદારી. (CWSA 32 : 104)

*

## સખા : શ્રી માતાજી

કોઈ પણ વસ્તુ અમારા તમારા પરત્વેના વલણમાં બદલાવ લાવી શકે છે એમ તમારે વિચારવાની જરૂર નથી. તમને જે આપવામાં આવ્યો છે તે પ્રાણમય માનવીય પ્રેમ નથી; કે જે બાહ્ય વસ્તુઓની અસરથી બદલાઈ શકે. એ પ્રેમ ટકી રહે છે અને અમે તમને સતત સહાય કરવાનો પ્રયત્ન કરતાં રહીશું તથા તમને ઉપર ઉઠાવી પ્રકાશ પરત્વે દોરી જઈશું — જે પ્રકાશમાં આત્મા અને હૃદયના એકત્વમાં તમે સખા શ્રી માતાજીને પામી શકશો. (CWSA 32 : 101)

*

## સાધક વારંવાર ઠોકરો ખાય છતાં...

એમાં પ્રશ્ન વાંક કે શિક્ષાનો નથી — અમારે જો સાધકોને તેમના વાંક બદલ ઠપકો આપી એમને સજા કરવાની હોય, સાધકો સાથે અમારે ન્યાયપંચ મુજબ વર્તવાનું હોય તો પછી સાધના સંભવી શકે નહિ. અમારી વિરુદ્ધ તમે જે નિંદા કરી છે તે કેવી રીતે વાજબી ઠેરવી શકાય તે હું સમજી શકતો નથી. સાધકો પરત્વેની અમારી એકમાત્ર ફરજ જે છે તે એ કે સાધકોને આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રતિ દોરી જવા. કોઈ કુટુંબના વડા જે રીતે વર્તન કરે છે : ઘરના ઝગડાઓમાં વચ્ચે

પડી કોઈ એકની તરફેણ કરી અન્યની વિરૂદ્ધ પોતાનો મત આપવો ! એ રીતે અમે વર્તન કરી શકીએ નહિ. ક્ષ ગમે તેટલી વખત ઠોકર ખાય, અમારે એમનો હાથ પકડી એમને દોરવા પડે, ફરીથી એમને ઉપર ઉઠાવવા પડે અને વધુ એક વખત તેઓ ઈશ્વર પ્રતિ ગતિ ધારણ કરે એમ કરવું જ પડે.... (CWSA 32 : 115)

*

## ઈશ્વર માનવજાતિ સાથે કઈ રીતે વ્યવહાર કરે છે

હું અને શ્રી માતાજી સર્વ સાથે ઈશ્વરના નિયમ મુજબ વ્યવહાર કરીએ છીએ. ગરીબ અને તવંગર બંનેને અમે એકસમાન ગણીએ છીએ. માનવોના ધોરણ મુજબ ઉચ્ચ કુટુંબમાં કે અન્ય કુટુંબમાં જન્મેલ, સર્વ કોઈ સાથે અમારો વ્યવહાર એકસમાન હોય છે. સર્વને અમે એકસમાન પ્રેમ આપીએ છીએ અને સર્વનું રક્ષણ પણ કરીએ છીએ. સર્વ કોઈની સાધનામાં પ્રગતિ થાય એ જ અમારે માટે મુખ્ય મહત્ત્વની વસ્તુ છે — કારણ કે સર્વ કોઈ અહીં સાધના માટે જ આવ્યાં છે. સાધકો સ્વાદની સંતુષ્ટિ માટે, માત્ર પેટ ભરવા માટે, સામાન્ય પ્રાણમય માગણીઓ કરવા અથવા તો પદ કે સ્થાન માટે ઝગડો કરવા કે સુખસાહેબી મેળવવા અહીં આવ્યા નથી. શ્રી માતાજીના પ્રેમ અને એમનું જે રક્ષણ છે એને સાધકો કઈ રીતે પ્રતિ ઉત્તર આપે છે એના પર પ્રગતિનો આધાર રહે છે. શ્રી માતાજી સર્વ ઉપર જે શક્તિ રેડી રહ્યાં છે તેને સર્વ સાધકો એકસમાન રીતે ગ્રહણ કરે છે કે કેમ, શ્રી માતાજી સાધકોને જે કંઈ આપે છે તેનો તેઓ ઉપયોગ કરે છે કે દુરુપયોગ તેના ઉપર પ્રગતિનો આધાર રહેલો છે. પરંતુ શ્રી માતાજીનો ન તો એવો ઇરાદો છે કે ન તો એમને એવી ફરજ પાડી શકાય કે તેઓ બાહ્ય રીતે સર્વ સાથે એકસમાન રીતે વર્તે — શ્રી માતાજી આમ કરે એવી માગણી જ વાહિયાત છે, અક્કલ વિનાની છે — અને શ્રી માતાજી જો એમ કરે તો તેઓ વસ્તુમાત્રના સત્યને; ઈશ્વરના સિદ્ધાંતને ખોટો પુરવાર કરે. પ્રત્યેક સાધક સાથે એ સાધકની પોતાની પ્રકૃતિ અનુસાર એની ક્ષમતા તથા એની વાસ્તવિક જરૂરિયાત મુજબ વર્તન કરવું પડે. પ્રત્યેક સાધકના આધ્યાત્મિક ભાવિ માટે જે શ્રેષ્ઠ હોય તેવું જ વર્તન અમારે કરવું પડે. (સાધકના હકદાવા કે સાધકની કામનાઓ અનુસાર નહિ.) અમે એવા સાધકોના અજ્ઞાનથી પ્રેરિત થવાનો ઇનકાર કરીએ છીએ જે એમ માને છે કે શ્રી માતાજીએ એ સાધકોનાં ધોરણો મુજબ કે સમતા અને ન્યાયના એમના ખ્યાલો મુજબ કાર્ય કરવું જોઈએ... અમારા અંતરમાં જે પ્રકાશ છે અને પાર્થિવ પ્રકૃતિમાં જે સત્યને પ્રસ્થાપિત કરવાનો અમે પ્રયત્ન કરીએ છીએ એ પ્રકાશ અને સત્ય અનુસાર અમે કાર્ય કરીએ છીએ.

*

પોતાના ખોટા પ્રતિભાવોથી પ્રત્યેક સાધકે મુક્ત થવું જ રહ્યું — તેઓ આ કામ કરવા માટે જ અહીં છે. આનાથી અન્ય કયું નિરાકરણ છે ? સાધકો જો આમ કરવા તૈયાર ન હોય તો પછી આપણે સામાન્ય જીવનની ભૂમિકાએ જ રહીએ, જ્યાં વ્યક્તિ એક મોટા કુટુંબમાં જે પ્રમાણે વર્તન કરતી હોય એવું વર્તન કર્યે રાખે — ઝગડાઓમાં માથું મારવું, સમાધાન કરાવવું,

બધાને શાન્ત કરવા, કોઈનો દોષ કાઢવો, કોઈને સજા ફરમાવવી, ઉપદેશ આપતા રહેવું; અને આ બધું ત્યાં સુધી કરતા રહેવું, જ્યાં સુધી ફરી ઝગડો ન થાય ! આ વસ્તુઓનો કોઈ અંત છે નહિ, અમે આમ કરવાનું બહુ સમય પહેલાં જ બંધ કરી દીધું છે. પ્રત્યેક વ્યક્તિએ પોતાનામાં સુધાર લાવવો જ જોઈએ — એના સિવાય આ બધી વસ્તુઓમાંથી બહાર નીકળી શકાય જ નહિ.

## અધીરા થશો નહિ, નાહિંમત થશો નહિ

માનવચેતના અનેક ઘટકદ્રવ્યોની બનેલી છે અને સર્વ દ્રવ્યો સતત આધ્યાત્મિક પ્રયત્નો જારી રાખી શકે નહિ — એ દ્રવ્યોને તાલીમ આપવી પડે, પ્રબુદ્ધ કરવા પડે, એમની ટેવોને બદલવી પડે. એટલા માટે જ હું અને શ્રી માતાજી, આત્મા વિકાસ પામી અન્ય ભાગો ઉપર આધિપત્ય જમાવે એ માટે સમય આપીએ છીએ અને એમાં વધુ સમય લાગી જાય તો એની પરવા કરતા નથી. અલબત્ત સાધકમાં કેન્દ્રિય સત્યનિષ્ઠા અને સંકલ્પ હોવો જોઈએ — જે તમારામાં નિશ્ચિતપણે છે. અધીરા થશો નહિ, સહેલાઈથી નાહિંમત થશો નહિ. વસ્તુઓ ઝડપથી થઈ જતી હોતી નથી. અભીપ્સા સેવો, વિશ્વાસના સૂર્યપ્રકાશમાં તમારી જાતને રાખવાનો પ્રયત્ન કરો અને બીજને વિકસવા દો. (CWSA 32 : 117)



# જરૂરી પ્રયત્ન

## ઈશ્વરીય મદદ અને શંકાઓ

મદદની શક્યતા વિશે શંકા સેવવી એ ભાગ્યે જ તર્કબદ્ધ હોય છે. કારણ મારી પાસેથી તેમ જ શ્રી માતાજી પાસેથી મદદ મેળવનાર એવા અસંખ્ય લોકોના ભૂતકાળના સર્વ આધ્યાત્મિક અનુભવો અને જીવનના સર્વ પુરાવાઓ આ ખ્યાલની વિરુદ્ધ છે કે એક વ્યક્તિ પાસેથી અન્ય વ્યક્તિ કે ગુરુ પાસેથી શિષ્યને, અથવા મારી પાસેથી મારા શિષ્યોને આંતરિક કે આધ્યાત્મિક મદદ શક્ય છે જ નહિ. એટલે આ શંકા ખરે જ તર્કયુક્ત નથી અને તમને હેરાન કરતા તમારા પ્રાણમય અને શારીરિક મનમાંથી એ ઉત્પન્ન થઈ છે. શારીરિક મન એવી સર્વ વસ્તુઓ વિશે શંકા કરે છે જે વસ્તુઓની અનુભૂતિ એને પોતાને થઈ ન હોય. એ એવી વસ્તુઓ વિશે પણ શંકા સેવે છે જેનો અનુભવ પોતે ભૂતકાળમાં કર્યો હોય અને એ અનુભવ ટકી રહ્યો ન હોય અથવા તો જેને એ તુર્ત જ યાદ ન કરી શકતું હોય. પ્રાણ નિરાશા અને વિષાદનાં સૂચનો શંકાને મજબૂત કરવા અંદર લઈ આવે છે અને આમ સ્પષ્ટ દર્શનાને અટકાવે છે. અને માટે જ આ મુશ્કેલીનો માત્ર ન્યાયસંગત તર્ક વડે અસરકારક રીતે સામનો કરી શકાય નહિ — એ મુશ્કેલી તે જાતે ઊભી કરેલી મુશ્કેલી છે એવી સ્પષ્ટ સમજ દ્વારા જ શ્રેષ્ઠ રીતે એનો સામનો કરી શકાય છે. સ્વ-સ્થાપિત સંસ્કાર કે મનોમય રચના, — જે એક ટેવ બની જાય છે તેના દ્વારા એ સંસ્કાર સ્થાપિત થતા હોય છે. એ સંસ્કારને તો દૂર કરવા જ રહ્યા જેથી કરીને તમારું મન અને તમારો પ્રાણ મુક્ત બની શકે, અનુભૂતિ પ્રાપ્ત કરવા મુક્ત થઈ શકે.

(CWSA 32 : 122)

*

## સતત અભીપ્સા જરૂરી છે

શ્રી માતાજીના પ્રકાશ અને શક્તિ પરત્વે માત્ર સતત અભીપ્સા સેવીને તમે સાચી અને સ્થિર પ્રગતિ સાધી શકો છો. શ્રી માતાજીના પ્રકાશ અને તેમની શક્તિ પરત્વે સતત પુનરાવૃત્ત અને પ્રયત્નશીલ રહીને જ અશાંત થતા રહેવાની ટેવ અને વ્યવસ્થાના અભાવની પરિસ્થિતિ ઓછી થતી જઈ છેવટે અદૃશ્ય થઈ શકે છે. માત્ર આ જ રીતે નિમ્ન સ્વરૂપ તૈયાર થઈ શકે અને સત્ય તથા પ્રકાશનું અસરકારક અવતરણ છેવટે શક્ય બનાવી શકાય. (CWSA 32 : 135)

*

## સાધનાની ત્રિગુણ અસર

એ એકદમ સાચું છે કે અભીપ્સા, પરિત્યાગ અને શ્રી માતાજીનું સ્મરણ તથા શ્રી માતાજીને કરવામાં આવતું સમર્પણ અને તેમની ચેતના સાથે અનુસંધાન એ સાધનાનાં મુખ્ય સાધનો છે. એ પણ એટલું જ સાચું છે કે પોતાને માટે તથા પોતાનાં જ સાધનો દ્વારા

અતિમાનસની અપેક્ષા રાખવી એ મૂર્ખામી છે. આ વાત મેં શરૂઆતથી જ જણાવી છે અને તાજેતરમાં આ વાત ઉપર મેં વધુને વધુ ભાર પણ મૂકયો છે. એ પણ સાચું છે કે ઈશ્વર સાથે એકતા સિદ્ધ કરવી એ છે મૂળભૂત ધ્યેય અને અન્ય સર્વ વસ્તુઓ ગૌણ તેમ જ મૂળભૂત ધ્યેયના પરિણામ-સ્વરૂપ હોય છે. પ્રગતિ, અનુભૂતિઓ વગેરેની ઝંખના એ વસ્તુઓને ખાતર જ તથા અહંકાર પોષવા ન કરવી એ જ છે સાધક માટે સાચું વલણ. સાધક જો સ્વકેન્દ્રિત, અહંકારી અને અસ્પષ્ટ હોય તો યોગમાર્ગમાં ધ્યાન, દર્શન અને અન્ય સર્વ કંઈનો દૂરપયોગ સાધક દ્વારા થતો હોય છે. અલબત્ત આનો અર્થ એ નથી થતો કે ધ્યાન, દર્શન વિ. અર્થહીન છે. સાધનામાં એનાથી દૂર ભાગવાનું નથી. (CWSA 32 : 137-38)

*

એ તો નિશ્ચિત જ છે કે વ્યક્તિનો પોતાનો પ્રયત્ન જરૂરી છે, અલબત્ત સાધના વ્યક્તિ પોતાના પ્રયત્ન માત્રથી જ કરી શકતી નથી. શ્રી માતાજીની શક્તિ જરૂરી છે; પરંતુ સાધકે પોતાની જાતને એ શક્તિ પરત્વે ખુલ્લી કરવી જ જોઈએ. એ શક્તિનો વિરોધ જે કંઈ કરે તેનો પરિત્યાગ કરવો તથા પોતાની પૂર્ણ નિષ્ઠા, અભીપ્સા અને સંકલ્પશક્તિ સાધનામાં મૂકવાની છે. સર્વ કંઈ ખુલ્લું હોય, સમર્પણ સંપૂર્ણ હોય ત્યારે, માત્ર ત્યારે જ ઈશ્વરીય શક્તિ સાધના સમગ્રપણે પોતાના હાથમાં એ રીતે લઈ લે છે કે અંગત પ્રયત્નની જરૂર રહેતી નથી. પરંતુ આમ શરૂઆતની અવસ્થામાં બનતું નથી — સાધકે પોતાની જાતને ખુલ્લી કરતા રહેવાનું પોતાની જાતનું નૈવેદ્ય ધરતા રહેવું ને સમર્પણ કરતા રહેવાનું. (CWSA 32 : 137-38)

*

પ્રાણમય ખામીઓ અને મુશ્કેલીઓ સર્વમાં સમાન હોય છે અને મનની ઊણપો બાબતે પણ એવું જ હોય છે. વ્યક્તિએ શ્રદ્ધાપૂર્વક અને વિશ્વાસ સહિત ઈશ્વર પ્રતિ ખુલ્લા થવું જોઈએ. શ્રી માતાજીની શક્તિ ધીરે ધીરે સર્વ કંઈ ઠીક કરી દેશે. (CWSA 32 : 218)

卐

# શ્રી માતાજીની શક્તિ

**શ્રી માતાજીની શક્તિ એ છે દિવ્ય શક્તિ**

**પ્રશ્ન :** તમે ઘણી વખત શ્રી માતાજીની શક્તિ વિશે જણાવતા રહો છો. એ શક્તિ શું છે ?

**ઉત્તર :** એ છે દિવ્ય શક્તિ જે અજ્ઞાનને દૂર કરવા તેમ જ પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પરિવર્તિત કરી દેવા કાર્ય કરતી હોય છે.

હું જ્યારે શ્રી માતાજીની શક્તિની વાત કરું છું ત્યારે તે પ્રકૃતિની શક્તિ અંગે નથી હોતી. પ્રકૃતિની શક્તિમાં તો અવિદ્યાના પદાર્થો આવી રહેલા હોય છે, જ્યારે શ્રી માતાજીની શક્તિ તે પ્રકૃતિની શક્તિ કરતાં પણ ઉચ્ચ એવી પરમાત્માની શક્તિ છે અને પ્રકૃતિનું રૂપાંતર કરવાને તે ઉપરથી નીચે આવી રહેલી છે.

**ખામીઓનો ઈલાજ**

આ અશાન્ત મન અને અસ્વસ્થ પ્રાણ એ તમારે માટે કોઈ વિશિષ્ટ વસ્તુઓ છે એવું નથી; એ માનવપ્રકૃતિના ભાગરૂપ છે અને પ્રત્યેક સાધક શરૂઆત ત્યાંથી – માનવપ્રકૃતિથી જ કરે છે. તમારે જે મેળવવાનું છે તે છે શ્રી માતાજીની શક્તિ અને કૃપા, જે પોતાની સાથે મુક્તિ, શાન્તિ અને આનંદને લઈ આવે છે, જેની અનુભૂતિ તમે જણાવો છો એ મુજબ તમને સમયે સમયે થતી રહે છે. શરૂઆતમાં એ અનુભૂતિ ટૂંકા સમયગાળા માટે થતી હોય છે અને તમે માર્ગ ઉપર ટકી રહો તો અનુભૂતિઓનું આવર્તન વધતું રહે છે અને એ અનુભૂતિઓ લાંબો સમય ટકી રહેતી થાય છે, જે છેવટે કાયમી અનુભૂતિ બની રહે છે. આ વસ્તુ તમે જે ખામીઓ વિશે ફરિયાદ કરો છો તે ખામીઓને દૂર કરી આપશે.

**પ્રશ્ન :** સાધક જ્યારે યોગ્ય વલણ સહિત કાર્ય કરતો રહે અને ઊર્ધ્વ શક્તિ સાધકની અંદર સીધેસીધી કાર્ય કરતી થાય ત્યારે શક્તિ સાધકની ખામીઓ અને અપૂર્ણતાઓનો દૂર કરવા કઈ રીતે કાર્ય કરે છે ?

**ઉત્તર :** એ શક્તિ આંતર ચેતનાને ધીરે ધીરે કે ઝડપી રીતે જાગ્રત કરીને કાર્ય કરે છે. એ કાર્ય કરે છે અહંકારની સેવાના સિદ્ધાંતને સ્થાને ઈશ્વરની સેવાના સિદ્ધાંતને પ્રસ્થાપિત કરીને, સાધકને પોતાનાં કાર્યો અને પોતાની ખામીઓ જોતો કરી એ ખામીઓને સુધારવા માટે એના ઉપર દબાણ કરીને, સાધકની તેમ જ શ્રી માતાજીની ચેતના વચ્ચે સંપર્ક સ્થાપી આપીને, સાધકની પ્રકૃતિને શ્રી માતાજીની ચેતના અને શક્તિ વધુને વધુ ધારણ કરે એમ કરીને; સાધકને એવી અનુભૂતિઓનું પ્રદાન કરીને, જે અનુભૂતિઓ એને યોગની મહત્ત્વની અનુભૂતિઓ માટે તૈયાર

કરી શકે, સાધકના ચૈત્યપુરુષના વિકાસને ઉદ્દીપ્ત કરીને તથા સાધકને શ્રી માતાજીના વૈશ્વિક સ્વરૂપ પરત્વે ખુલ્લો કરીને... વિ.વિ. દ્વારા એ કાર્ય કરે છે. સ્વાભાવિક રીતે જ જુદા જુદા લોકોમાં એ શક્તિ જુદી જુદી રીતે કાર્ય કરે છે.

**શ્રી માતાજીની શક્તિને ગ્રહણ કરવી**

શ્રી માતાજીની શક્તિ અંગે જણાવવાનું કે વ્યક્તિ જ્યારે એ શક્તિ મેળવે ત્યારે શ્રેષ્ઠ વસ્તુ એ છે કે સ્વસ્થ-શાન્ત બની રહેવું — એ શક્તિ આત્મસાત્ થઈ જાય ત્યાં સુધી સ્વસ્થતા જાળવી રાખવી. પછીથી બાહ્ય ક્રિયાઓ વડે કે મિશ્રણ વડે એ શક્તિ ગુમાવાઈ જતી હોતી નથી. પછી બધું બરાબર બની રહે છે.

**પ્રશ્ન :** મેં ધ્યાન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મારે એ પ્રયત્ન પડતો મૂકવો પડ્યો કારણ કે મન સહકાર આપતું ન હતું.
**ઉત્તર :** તમે જ્યારે ધ્યાન ન કરી શકો ત્યારે શાન્ત રહો અને શ્રી માતાજીની શક્તિ કે શાન્તિનું આહ્વાન કરો.

*

આ વસ્તુ શ્રી માતાજીની શક્તિ કરોડરજ્જુને માર્ગે થઈને ઉપરથી નીચે અવતરે છે તે છે. આ એક બહુ જાણીતી ક્રિયા છે. આ અવતરણ બે કે ત્રણ પ્રકારે બનતું હોય છે. એક રીતનું અવતરણ એવું હોય છે કે તેમાં શક્તિ કરોડરજ્જુ ઉપર આવેલાં કેન્દ્રોના મૂળને સ્પર્શ કરે છે. બીજા અવતરણમાં તે માથામાં થઈને શરીરમાં પ્રવેશે છે અને ત્યાંથી એક પછી એક ભૂમિકા ઉપર નીચે ઊતરતી જાય છે અને એમ કરતાં કરતાં તે આખા શરીરને ભરી દે છે અને ચેતનાનાં બધાં કેન્દ્રોને ખોલી આપે છે. ત્રીજા પ્રકારના અવતરણમાં શક્તિ બહારની બાજુએથી આવીને આધારને લપેટી લે છે.

૧.૨.૧૯૩૪ **શ્રી અરવિન્દ**

જન્મ, આયાસ ને ભાગ્યતણે માથે ઊભી રહેલ એહ છે,
એને સાદે ચક્કરો લે મંદ મંદ એમના યુગના ક્રમો;
કાલ-કાલિયનો પાયો માત્ર એના હસ્તો જ બદલી શકે.
રાત્રિ જેને છુપાવે છે તે રહસ્યમયતા એહની જ છે;
કીમિયાગર જે ઓજ આત્માનું તે તદીય છે;
છે એ સુવર્ણનો સેતુ, આશ્ચર્યમય અગ્નિ એ,
છે એ અજ્ઞાતનું હૈયું પ્રકાશતું,
પ્રભુનાં ગહનોમાં એ શક્તિ નીરવતાતણી;
છે એ ઓજ અને છે એ શબ્દ જેના વિના નિર્વાહ થાય ના,
છે એ ચુંબક મુશ્કેલ આરોહે ઊર્ધ્વ ખેંચતું,
છે એ તે સૂર્ય જેમાંથી
આપણા સર્વ સૂર્યોને આપણે પ્રકટાવતા,
અસાક્ષાત્કૃત ધામો જે વિશાળાં ત્યાં થકી લળી
આવનારો પ્રકાશ એ,
છે એ આનંદ સંકેતે આમંત્રે જે અશક્યથી,
મહાસામર્થ્ય છે સૌનું જે કદી યે નીચે અવતર્યું નથી.
સારી પ્રકૃતિ એને જ છે બોલાવી રહેલી મૂકભાવથી,
કે એના ચરણસ્પર્શે એ અનામય દે કરી
પીડાપૂર્ણ પ્રાણના ધબકારને,
માનવીના તમોગ્રસ્ત આત્મા પર મરાયલી
તોડે સીલ સમસ્તને,
ને પ્રદીપ્ત કરે અગ્નિ પોતાનો એ
વસ્તુઓના બંધ હૃદયની મહીં.

CWSA 33-34: Savitri, P.314 — અનુ : શ્રી પૂજાલાલ



Blessings

શ્રી માતાજીની શાન્તિ તમારાથી ઊર્ધ્વમાં છે – અભીપ્સા અને સ્વસ્થતાપૂર્વક 'સ્વ'ને અભિમુખ કરવાથી એ શાન્તિ નીચે ઊતરે છે. એ શાન્તિ જ્યારે પ્રાણ અને મનનો કબજો લે છે ત્યારે સમતા સહેલાઈથી સ્થપાય છે અને અંતે તે આપોઆપ થતી ક્રિયા બની રહે છે.


*

જે લોકો અભીપ્સા તેમ જ શ્રી માતાજી ઉપર ધ્યાન કરી એમના કાર્ય અને એમની કાર્ય કરવાની પ્રક્રિયા પ્રતિ ખુલ્લા થઈ એ વસ્તુઓને ગ્રહણ કરવાની ક્ષમતા ધરાવે છે માત્ર તેઓ જ આ યોગમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે.

*

જે લોકો શ્રી માતાજી પરત્વે ખુલ્લા થાય છે, પોતાના આંતરસ્વરૂપમાં જેઓ શ્રી માતાજીની સમીપ છે; શ્રી માતાજીના સંકલ્પ સાથે એકરૂપ છે તેઓ જ શ્રી માતાજીનાં બાળકો છે અને એમની સમીપ છે – જે લોકો શરીરથી એમની આસપાસ છે તેઓ નહિ.

(CWSA 32 : 135, 136, 497)



જગતનું જીવન સ્વભાવગત અશાંતિનું ક્ષેત્ર છે — એમાંથી યોગ્ય રીતે પસાર થઈ જવા માટે વ્યક્તિએ પોતાનું જીવન અને પોતાનાં કાર્યો પ્રભુને અર્પણ કરી અંતરમાં રહેલા ઈશ્વરની શાન્તિ માટે પ્રાર્થના કરવી પડે. મન જ્યારે શાન્ત થાય છે ત્યારે વ્યક્તિ એ અનુભવે છે કે મા ભગવતી જીવનને ટેકો આપી રહ્યાં છે અને પછી વ્યક્તિ સર્વ કંઈ 'મા' ના હાથમાં મૂકી દે છે. — સાધકે શાન્તિ પ્રાપ્ત કરવી હોય તો આ વસ્તુઓ પ્રથમ કરવી.

*

ના, આશ્રમમાં રહેવું એ પર્યાપ્ત નથી. સાધકે શ્રી માતાજી પ્રતિ ખુલ્લા થવું જોઈએ અને જગતના જીવનમાં જે ગંદકી સાથે પોતે રમત કરતા હતા એ કાદવને દૂર કરી દેવો જોઈએ.

**શ્રી અરવિન્દ**

# શ્રી માતાજી પ્રત્યે ખુલ્લા થાઓ

**શ્રી માતાજી પરત્વે ખુલ્લા રહો**

**પ્રશ્ન :** હું ધ્યાન કરી શકતો નથી, હું જ્યારે ધ્યાન કરવા બેસું છું ત્યારે ઘણા વિચારો મનમાં આવે છે. તો પછી પ્રગતિ કરવા માટે કયો માર્ગ અપનાવવો જોઈએ જેથી મારી અંદર કાર્ય કરવાનું શ્રી માતાજી માટે સરળ બની રહે ?

**ઉત્તર :** તમે ધ્યાન ન કરી શકો તો પ્રાર્થના કરો. તમે જે કંઈ કરો તે સર્વ શ્રી માતાજીને અર્પણ કરો અને તમારાં કાર્યો તથા તમારી પ્રકૃતિ પર અંકુશ રાખવા તેમને પ્રાર્થના કરો.

પ્રેમ અને પૂજા. જે જરૂરી છે તે સંપૂર્ણ ખુલ્લાપણું, જે અવસ્થામાં તમે શ્રી માતાજી વિશે સભાન બનશો.

*

સમગ્ર વસ્તુ એ છે કે તમારી જાતને શ્રી માતાજી પ્રત્યે ખુલ્લી રાખવી. નિર્ણાયક અનુભૂતિઓ માટે પ્રકૃતિને તૈયાર કરવામાં હંમેશાં સમય લાગી જાય છે. નાહિંમત થયા વગર તેમ જ તુર્ત જ પરિણામ માટે અધીરા થયા વગર પોતાની જાતને સતત ખુલ્લી રાખવી જોઈએ.

*

**શ્રી માતાજીની છબીઓમાં તેમની હાજરી**

છબી વિશેની તમારી અનુભૂતિ એ ખૂબ જ સુંદર અને સત્ય અનુભૂતિ હતી. છબી દ્વારા એવા લોકો શ્રી માતાજીની સંનિધિની અનુભૂતિ કરી શકે છે જે છબી નિહાળતી વખતે શ્રી માતાજી પ્રતિ ભક્તિભાવ રાખે છે. શ્રી માતાજીની સત્ય સંનિધિ ત્યાં હતી, એમની સૂક્ષ્મ શારીરિક સંનિધિ અને તમે જે અનુભવ્યું તે સર્વ સારું હતું. આ એમ દર્શાવે છે કે તમારું શારીરિક મન સત્ય ચેતના પ્રતિ ખુલી રહ્યું છે. એ એકદમ નિશ્ચિત છે કે આ અવસ્થા વિકસશે અને પુરાણી ગતિવિધિઓના બાકી રહેલા અંશો અદૃશ્ય થઈ જ જશે.

*

**ખુલ્લા થવાની રીત**

**પ્રશ્ન :** વાસ્તવિક ખુલ્લાપણું એટલે શું ?

**ઉત્તર :** એ છે શ્રી માતાજીની સંનિધિ તથા શ્રી માતાજીની શક્તિઓ પરત્વે ગ્રહણશીલતા.

**પ્રશ્ન :** ખુલ્લા થવા માટેનો યોગ્ય અને સંપૂર્ણ નિયમ શું છે ?

**ઉત્તર :** અભીપ્સા, શાંતતા, ગ્રહણશીલ થવા માટે સ્વરૂપની વિશાળતા, જે કોઈ વસ્તુ ઈશ્વરથી તમને વિમુખ કરવા પ્રયત્ન કરે તે સર્વનો પરિત્યાગ કરવો.

**પ્રશ્ન :** શ્રી માતાજી પ્રત્યે સાચેસાચ ખુલ્લા થયાની નિશાનીઓ કઈ ?
**ઉત્તર :** એ નિશાનીઓ તો તુર્ત જ દેખાઈ જાય — તમને દિવ્ય શાન્તિનો અનુભવ થાય, સમતા, વિશાળતા, આનંદ, જ્ઞાન, બળ, આ છે નિશાનીઓ. તમે શ્રી માતાજીના સામીપ્યનો અનુભવ કરો, એમની સંનિધિ અનુભવો, શ્રી માતાજીની શક્તિના કાર્ય વિશે સભાન બનો. વિ...વિ.. આમાંની કોઈ પણ વસ્તુનો અનુભવ થાય તો એ છે ખુલ્લાપણું — આ વસ્તુનો અનુભવ વધુને વધુ થાય તો ખુલ્લાપણું સંપૂર્ણ બને.

**પ્રશ્ન :** સ્વરૂપની સર્વ ગાંઠોને કઈ રીતે ઉકેલી શકાય ?
**ઉત્તર :** અભીપ્સા દ્વારા, ઈશ્વરીય શક્તિના કાર્યને સ્વરૂપ સહમતી આપે અને એ શક્તિ અવતરીને સ્વરૂપમાં કાર્ય કરતી થાય.

**પ્રશ્ન :** ખુલ્લાપણું (opening) એટલે શું ? ''શ્રી માતાજીથી કંઈ પણ છુપાવવું નહિ તે'' ?
**ઉત્તર :** એ છે ખુલ્લાપણા પ્રતિનું પ્રથમ સોપાન.

**પ્રશ્ન :** વ્યક્તિ 'ખુલ્લી' કેવી રીતે થઈ શકે ?
**ઉત્તર :** શાન્ત મન સહિત શ્રદ્ધા અને સમર્પણ દ્વારા.

*

શ્રી માતાજી પ્રત્યે સમગ્રતયા ખુલ્લા થવા માટે તમારે અંતરમાં અને બાહ્યમાં બંને રીતે ખુલ્લા થવું જોઈએ. તમારે પૂરેપૂરા નિખાલસ થઈને શ્રી માતાજીને સર્વ કંઈ જણાવી દેવું જોઈએ. — તમારી અંદર જે કંઈ હોય તે સર્વ નિષ્કપટ ભાવે શ્રી માતાજીને દર્શાવી દેવામાં તમારે સંકોચ રાખવો જોઈએ નહિ. એમ થવાથી તમને ખુલ્લા થવામાં તુર્ત જ મદદ મળી રહેશે અને શ્રી માતાજીને પણ એ વસ્તુ તમને પૂર્ણપણે મદદ કરવામાં સહાયરૂપ થશે.

*

**હંમેશાં શ્રી માતાજી પ્રતિ અભિમુખ રહો**

જો વિરોધી શક્તિ આવે તો સાધકે એ શક્તિનાં સૂચનોને આવકારવાનાં નહિ અને સ્વીકારવાનાં પણ નહિ. અને શ્રી માતાજી પ્રતિ અભિમુખ થવું તથા એમનાથી વિમુખ થવાનો ઇનકાર કરવો. વ્યક્તિ ખુલ્લી થઈ શકે કે ન પણ થઈ શકે પણ એણે વફાદારી અને નિષ્ઠા તો રાખવી જ જોઈએ. વફાદારી અને સત્યનિષ્ઠા એવા ગુણો નથી જે કેળવવા માટે વ્યક્તિએ યોગસાધના કરવી પડે. એ છે સરળ ગુણો, જે ગુણોને સત્યની અભીપ્સા કરનાર કોઈ પણ સ્ત્રી કે પુરુષ સિદ્ધ કરી શકે છે.

### શ્રી માતાજીના નામનું ઉચ્ચારણ કરવું

ભારતમાં ગુરુ કોઈ વ્યક્તિનો શિષ્ય તરીકે સ્વીકાર કરે છે કે તુર્ત જ એ વ્યક્તિને મંત્રદીક્ષા આપે છે અને એ મંત્રની સહાયથી માર્ગ ઉપર આગળ પ્રગતિ કરવા જણાવે છે. આપણી પાસે શ્રી માતાજીના નામ સિવાય અન્ય કોઈ મંત્ર નથી. સામાન્યતઃ આપણે સાધકોને કાર્ય સોંપીએ છીએ, એમને અભીપ્સા કરવા જણાવીએ છીએ, પરિત્યાગનો અમલ કરવા જણાવીએ છીએ અને શ્રી માતાજી પ્રતિ ખુલ્લા થવા જણાવીએ છીએ.

### આ વિચાર હંમેશાં સેવો

તમને સાધનામાં આગળ વધતા રોકવા માટે, તમને ગભરાવી મૂકવા માટે ક્ષુદ્ર પ્રાણમય શક્તિઓ તમારા ઉપર જે અસરો મૂકે છે તેનાથી તમે ભયભીત બનો છો. વાસ્તવિક્તામાં એ અસરો તમને કંઈ પણ અસર કરી શકે એમ નથી. તમારે સર્વ પ્રકારના ડરને તમારામાંથી હાંકી કાઢવાનો છે. આ બધી વસ્તુઓ (અસરો) આવે ત્યારે હંમેશાં આ પ્રમાણેનો વિચાર સેવો : ''**શ્રી માતાજીનું રક્ષણ મને મળેલું છે, કશું પણ અશુભ બની શકે નહિ**'' જ્યારે ચૈત્ય પુરુષ ખુલ્લો થયો હોય અને સાધક શ્રી માતાજીમાં પોતાની શ્રદ્ધા જાળવી રાખે, એ આ બધી વસ્તુઓ સામે રક્ષણ આપવા માટે પૂરતી છે. ઘણા સાધકોએ એ શીખી લીધું છે કે ડરામણાં સ્વપ્નાંઓ આવે ત્યારે સ્વપ્નામાં જ શ્રી માતાજીના નામનું ઉચ્ચારણ કરવું અને એમ થતાં જે વસ્તુઓ તેમને ડરામણી લાગતી હોય છે તે નિઃસહાય બની જઈ મટી જતી હોય છે. ... જો કોઈ ડરામણી વસ્તુ હોય તો શ્રી માતાજીના રક્ષણ માટે પુકાર કરો.

### શ્રી માતાજીની કૃપામાં વિશ્વાસ

યોગમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે ડગલે ને પગલે ઈશ્વરકૃપામાં વિશ્વાસ રાખવો, વિચારોને સતત ઈશ્વર પ્રતિ વળેલા રાખવા અને સ્વરૂપ ખુલ્લું થાય તથા આધારમાં શ્રી માતાજીની શક્તિના કાર્યની અનુભૂતિ થાય ત્યાં સુધી પોતાની જાતનું અર્પણ કરતાં રહેવું.

**પ્રશ્ન :** શ્રી માતાજીની કૃપાના કાર્યનો કોઈ નિયમ છે ?
**ઉત્તર :** ચૈત્ય તત્ત્વનો વધુ વિકાસ વ્યક્તિ કરતી રહે તેમ તેમ કૃપા માટે કાર્ય કરવાની શક્યતા વધતી જાય છે.

**પ્રશ્ન :** શ્રી માતાજીની કૃપા શું હંમેશાં સામાન્ય હોય છે ?
**ઉત્તર :** સામાન્ય અને વિશિષ્ટ, બંને રીતની.

**પ્રશ્ન :** શ્રી માતાજી સામાન્યતઃ જે આપતાં હોય છે તે કઈ રીતે સ્વીકારવું ?
**ઉત્તર :** તમારે માત્ર તમારી જાતને ખુલ્લી રાખવાની છે અને તમારી જે કંઈ જરૂરિયાત હશે અને જે ક્ષણે તમે જે સ્વીકારી શકો એમ હોય તે આવી મળશે.

(CWSA 32 : 159, 184, 160-61, 139,289, 306-07, 166, 51-52, 166-67)

# શ્રી માતાજી માટે ચૈત્ય લાગણી

**ચૈત્ય પુરુષના ઉદયની નિશાનીઓ**

*એ તે કેવા પ્રકારની લાગણી છે કે એને શ્રી માતાજીને જોવાથી જ સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે ?*

**એ છે ચૈત્ય લાગણી.**

*એ તે કેવા પ્રકારની લાગણી છે કે જે શ્રી માતાજીનું સ્મરણ કરવામાં જ સંતોષ અને આનંદ પ્રાપ્ત કરે છે ?*

**ચૈત્ય.**


**એ તે કેવા પ્રકારની લાગણી છે કે જે શ્રી માતાજીની વિરુદ્ધ કંઈ પણ સાંભળતાં હૃદયમાં ઘા અનુભવે છે ?**

**ચૈત્ય.**

**એ તે કેવા પ્રકારની લાગણી છે કે વ્યક્તિ પોતે શ્રી માતાજીથી શારીરિક રીતે ખૂબ દૂર હોવા છતાં હૃદયમાં શ્રી માતાજીની સંનિધિનો અનુભવ કરે છે ?**

**ચૈત્ય.**

*


The Mother is always with you. Put your faith in her, remain quiet within and do with that quietude what has to be done. You will become more and more aware of her constant Presence, will feel her action behind yours and the burden of your work will no longer be heavy on you. Sri Aurobindo

The Mother is always with you. Put your faith in her, remain quiet within and do with that quietude what has to be done. You will become more and more aware of her constant Presence, will feel her action behind yours and the burden of your work will no longer be heavy on you.

**શ્રી માતાજી હંમેશાં તમારી સાથે જ છે. તમારી શ્રદ્ધા તેમનામાં મૂકો, અંતરમાં શાન્ત રહો તથા એ શાન્તિ સહિત કરવાનું કાર્ય કરતા રહો. પછી તમે શ્રી માતાજીની સતત સંનિધિ વિશે સભાન બનશો, તમારાં કાર્યો પાછળ શ્રી માતાજીના કાર્યનો અનુભવ કરશો અને તમારા કાર્યનું દબાણ તમારા ઉપર ભાર નહિ મૂકે.**

*હું એવો નિર્ણય કેવી રીતે લઈ શકું કે હું ચૈત્ય પ્રેમની પૂર્ણાવસ્થામાં છું ?*

**અહંકારની ગેરહાજરીથી, શુદ્ધ ભક્તિભાવથી, અને ઈશ્વર પરત્વે અધીનતા તથા સમર્પણભાવથી.**

*મેં ઘણી વખત એ નોંધ્યું છે કે દિવ્યતા પ્રતિ આંતર પ્રેમ ફૂટી નીકળે છે ત્યારે પછી અશ્રુઓ સરતાં હોય છે.*

**એ છે ભક્તિભાવનાં ચૈત્ય અશ્રુઓ.**

*

**ઈશ્વર માટે ચૈત્ય પ્રેમ**


*પ્રશ્ન : શ્રી માતાજી માટે શુદ્ધ ભક્તિ હું કેવી રીતે કેળવી શકું ?*

**ઉત્તર : શુદ્ધ પૂજન, આરાધના, માગણી કે હકદાવા વગરનો ઈશ્વર માટેનો પ્રેમ. એને કહેવાય શુદ્ધ ભક્તિ.**

*

**ઈશ્વર માટે અથવા ઈશ્વરભક્તિ માટેની ઇચ્છા એક એવી ઇચ્છા છે જે વ્યક્તિને અન્ય સર્વ પ્રકારની ઇચ્છાઓથી મુક્ત કરી દે છે અને એના હાર્દમાં એ ઇચ્છા નથી, એ હોય છે અભીપ્સા, આત્મજરૂરિયાત, અંતરતમ સ્વરૂપના અસ્તિત્વનો શ્વાસ — અને એટલે જ એને ઇચ્છા ગણી શકાય નહિ.**

(CWSA 32 : 466, 68, 67, 476)



*જીવન એવી રીતે જીવો કે તમે પરમાત્મા અને મા ભગવતીની સીધી નજર હેઠળ છો. એવું કંઈ પણ ન કરો, એવો કોઈ વિચાર કે લાગણી સેવવાનો પ્રયત્ન પણ ન કરો જે ઈશ્વરની સંનિધિને લાંછનરૂપ હોય.*

*

*અહંકેન્દ્રિતતા મોટે ભાગે ઓછી થઈ ગઈ હોય અને શ્રી માતાજી પરત્વે મજબૂત ભક્તિભાવ હોય ત્યારે જ માત્ર ચૈત્ય કેન્દ્ર સહેલાઈથી સીધેસીધું ખૂલી જતું હોય છે. આધ્યાત્મિક વિનમ્રતા અને સમર્પણનો ભાવ તથા અધીનતા જરૂરી છે.*

*

*તમારામાં જો ચૈત્ય પુરુષની પ્રકૃતિ જાગ્રત થઈ હશે અને તે પોતાની પાછળ શ્રી માતાજીની ચેતના તથા શક્તિને રાખીને તમને જો દોરતી હશે તેમ જ તમારામાં કાર્ય કરતી હશે તો પછી કશું જ અશક્ય નથી.*

(CWSA 32 : 172, 163, 167)

# સમર્પણ

શરૂઆતમાં પ્રભુ તરફથી જે કાંઈ આવતું હોય તેને આનંદપૂર્વક સ્વીકારવાનું અને સર્વ પ્રકારના પૂર્વગ્રહોથી મુક્ત રહેવું તે કોઈ પણ માનવપ્રાણી માટે શક્ય હોતું નથી. શરૂઆતમાં એવો વિચાર સતત સેવવો કે પ્રભુ જેનો સંકલ્પ કરે છે તે સારા માટે જ કરે છે, ભલે પછી એ કઈ રીતે સારી વસ્તુ છે તે મનને ન સમજાય. જે વસ્તુ હજી આનંદપૂર્વક ગ્રહણ ન કરી શકાતી હોય તેને નિર્લેપભાવે સ્વીકારતા થવું અને એ રીતે એક શાંત સમતાની સ્થાપના કરવી જે સપાટી ઉપર બાહ્ય બનાવો પ્રત્યે કામચલાઉ પ્રતિકાર્યો કરતી હોવા છતાં મૂળમાંથી ચલાયમાન ન થતી હોય. જો એ વસ્તુ એકવાર દૃઢપણે સ્થાપિત થઈ જાય તો અન્ય સર્વ પછી આવી શકે છે.

*

પ્રભુ દોરી શકે છે, એ હાંકતા નથી. પ્રભુની દોરવણીનો સ્વીકાર કરવો કે અસ્વીકાર કરવો તે અંગે દરેક મનોમય પ્રાણી, જેને માણસ કહેવાય છે તેને આંતરિક સ્વતંત્રતા આપવામાં આવેલી છે : એમ ન હોય તો કોઈ પણ પ્રકારની સાચી આધ્યાત્મિક ઉત્ક્રાંતિ કઈ રીતે શક્ય બને ?

*

મુશ્કેલ ? આપણી સાધનાનો પ્રથમ સિદ્ધાંત જ એ છે કે પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાનું સાધન સમર્પણ જ છે અને જ્યાં લગી અહંકાર અથવા પ્રાણમય માગણીઓ અને કામનાઓનું લાલન કરવામાં આવે છે ત્યાં સુધી પૂર્ણ સમર્પણ એ એક અશક્ય વસ્તુ હોય — એમાં તમારું આત્મસમર્પણ અધૂરું રહે છે. આ વસ્તુ અમે કદી ગુપ્ત રાખી નથી. એ મુશ્કેલ હશે અને છે પણ ખરી; પરંતુ આ સાધનાનો એ સિદ્ધાંત જ છે. પરંતુ આ વસ્તુ મુશ્કેલ છે માટે જ આપણે તેને અવિરતપણે અને ધીરજપૂર્વક જ્યાં સુધી આપણું કાર્ય પૂરું થાય ત્યાં સુધી કર્યે જવાની છે.

*

ખુલ્લા થવા માટે સમર્પણ એ શ્રેષ્ઠ માર્ગ છે... સમર્પણ એટલે પોતાની અંદર રહેલ સર્વ કાંઈ ઈશ્વરને નૈવેદ્ય રૂપે ધરી દેવું, પોતે જે છે અને પોતાનું જે કંઈ છે તે બધું અર્પણ કરી દેવું, પોતાના વિચારો, પોતાની ઇચ્છાઓ, ટેવો વિ. માટે સહેજ પણ આગ્રહ સેવવો નહિ અને એ બધી વસ્તુઓને સ્થાને દિવ્ય સત્યને તેનાં જ્ઞાન, સંકલ્પ અને કાર્ય સર્વ ઠેકાણે સ્થાપિત કરવાની છૂટ આપવી.

**શ્રી અરવિન્દ**

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ : ૨૨-૨૩)



શ્રી માતાજી



આ યોગમાં માત્ર એક જ પદ્ધતિ છે. તમારી જાતને એકાગ્ર કરીને — આ એકાગ્રતા હૃદયમાં કરવી વધુ ઠીક છે — શ્રી માતાજીની શક્તિનું અને તેમના સાંનિધ્યનું આવાહન કરો અને તેને પ્રાર્થના કરો કે તેઓ તમને પોતાના હાથમાં લઈ લે અને તેમની શક્તિના કાર્ય દ્વારા તમારી ચેતનાનું રૂપાંતર સાધી આપે. મસ્તકની અંદર યા તો ભ્રમરની વચ્ચે પણ એકાગ્રતા કરી શકાય છે. પણ ઘણા લોકો આરંભમાં આ વસ્તુ કરી શકતા નથી. તેમને તે ઘણું કઠણ લાગે છે. આવી એકાગ્રતાને પરિણામે મન જ્યારે તદ્દન શાંત પડી જાય, એકાગ્રતા ખૂબ જ જોરદાર બનવા માંડે અને અભીપ્સા તીવ્ર બનવા લાગે ત્યાર પછી અનુભૂતિનો આરંભ થાય છે. શ્રદ્ધા જેટલી વધુ, તેટલું પરિણામ પણ વધુ ઝડપી બનવા સંભવ છે. આથી આગળની વસ્તુઓ માટે સાધકે કેવળ પોતાના જ પુરુષાર્થ પર આધાર રાખવાનો નથી. સાધકે પ્રભુની સાથે સંબંધ સ્થાપવાનો છે અને શ્રી માતાજીની શક્તિ અને સાંનિધ્યને ઝીલવા માટેની શક્તિ મેળવવામાં સફળ થવાનું છે.

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ પૃ. ૨૨થી ૨૩)



*Peace, the Light and the Joy of the Lord to be always with you*



"હું ક્યાં સુધી પહોંચ્યો છું અને હજુ કેટલું દૂર મારે જવાનું છે ?" — આવા પ્રશ્નો બહુ ઉપયોગી થતા નથી. શ્રી માતાજી માર્ગદર્શક છે તો પછી સામા પ્રવાહે તરતા રહો. શ્રી માતાજી તમને તમારા નિર્મિત બંદરે પહોંચાડી દેશે.

*

તમારી મંઝિલ છે : શ્રી માતાજી. શ્રી માતાજી પોતાની અંદર સર્વ કંઈ સમાવે છે. શ્રી માતાજીને મેળવવાં એટલે સર્વ કંઈ મેળવવું. તમે જો શ્રી માતાજીની ચેતનામાં જીવન ધારણ કરશો તો અન્ય સર્વ વસ્તુઓ આપોઆપ પાંગરશે.

# વૃત્ત વિશેષ

## લુણાવાડા શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર દ્વારા શ્રી માતાજીની ૧૩૯મી જન્મ જયંતીની ઉજવણી.

લુણાવાડા શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર દ્વારા શ્રી માતાજીની ૧૩૯મી જન્મજયંતીની ઉજવણી કબીર આશ્રમ-લુણાવાડાના સત્સંગ હોલમાં ભાગવત કથાકાર અને કાર્યક્રમના અધ્યક્ષ શ્રી સતીષભાઈ શાસ્ત્રીજી તથા કેન્દ્રના સભ્યો અને આશ્રમના બાળકોની ઉપસ્થિતિમાં ઉત્સાહપૂર્વક કરવામાં આવી.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી રમેશભાઈ વાઘેલાની સુમધુર પ્રાર્થનાથી થયો હતો. પ્રાર્થના અને ધ્યાન બાદ કેન્દ્રના ચેરમેનશ્રી એલ.એ.રાણાએ સ્વાગત પ્રવચન કરી અધ્યક્ષશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કેન્દ્રના વાઈસ ચેરમેન શ્રી વાડીભાઈ પટેલે મુખ્ય મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી પછી પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. શ્રી ચંદ્રકાંતભાઈ મિસ્ત્રીએ ગીતાના શ્લોક દ્વારા આધ્યાત્મિક સાધનામાં શ્રદ્ધા-વિવેક-નમ્રતા-જીજ્ઞાસા જેવા ગુણોની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. શ્રી ગિરિશભાઈ જોષીએ ધર્મ વિશે, શ્રી આર.ડી. પ્રજાપતિએ સમર્પણનું સૌન્દર્ય વિશે, શ્રી રમેશભાઈ વાઘેલાએ 'સમતા' વિષય પર મનનીય વક્તવ્યો રજૂ કર્યાં હતાં. ભજનિક ચંદુભાઈ દરજીએ શ્રીરંગ અવધૂતનું સુંદર ભજન રજૂ કર્યું હતું. કેન્દ્રના મંત્રી શ્રી સોલંકીએ કેન્દ્રની પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કર્યો હતો.

મુખ્ય મહેમાન પદેથી પત્રકાર શ્રી સુધારકરભાઈ પંડ્યાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી સતીષભાઈ શાસ્ત્રીજીએ કપાસના ફલનું ઉદાહરણ આપી જણાવ્યું કે પ્રભુનો સ્પર્શ પામ્યા પછી કંઈ જ મેળવવાનું રહેતું નથી. કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ શ્રી ઇન્દ્રવદન ભાવસારે કરી હતી.

કાર્યક્રમના ભાગરૂપે લુણાવાડા બ્રાન્ચ શાળા-૧ અને એકતા-શાંતિનગરના બંને આંગણવાડીના કુલ-૫૦ બાળકોને કેન્દ્ર દ્વારા બિસ્કિટના પેકેટનું વિતરણ કરાયું હતું. શ્રી આર.ડી. પ્રજાપતિએ પંચશીલ હાઈસ્કૂલમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી પ્રસંગે ભાગ લેનાર બાળકો તેમ જ કેન્દ્રમાં જોડાયેલ શિક્ષકોને શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની પુસ્તિકા અર્પણ કરી હતી. આ પ્રસંગે વડોદરાના શ્રી નરેન્દ્રભાઈ પટેલ દ્વારા કેન્દ્રને **'૨૯ ફેબ્રુઆરી પ્રભુનો દિવસ'** પુસ્તિકાની મોકલેલ ૨૫ નકલોનું આમંત્રિત મહેમાનો અને કેન્દ્રના સભ્યોને વિતરણ કરાયું હતું.

*

તા. ૨૪-૧-૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૭થી ૮.૧૫ દરમિયાન જામનગર કેન્દ્રમાં કવિયત્રી અને લેખિકા વિદ્વાન બહેન શ્રી કાલિન્દીબેન પરીખનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. શ્રી અરવિન્દના તત્ત્વદર્શનના અનુસંધાનમાં તેઓશ્રીએ ''ઈશોપનિષદ'' પર ખૂબ સવિસ્તર વક્તવ્ય આપ્યું. કેન્દ્રમાં આશરે ૫૦ની સંખ્યામાં સાધકોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો.

*

**શ્રી માતાજી (સંક્ષિપ્ત જીવનચરિત્ર) :** અંગ્રેજી લખાણ : **વિલફ્રેડ :** ગુજરાતી અનુવાદ : કિરીટ ઠક્કર. ૬ઠ્ઠી સંવર્ધિત આવૃત્તિ : ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૬. પ્રકાશક : શ્રી અરવિન્દ મૅમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા. ફોન : ૨૪૧૮૯૭૮. સારી ગુણવત્તા વાળા મેપલીથો કાગળ ઉપર અતિ સુંદર છાપકામ. પુસ્તકમાં બે રંગબેરંગી અને અન્ય પંદર છબીઓ છાપેલી છે. મુખપૃષ્ઠ ઉપર શ્રી માતાજીની નયનરમ્ય છબી. પૃષ્ઠ સંખ્યા : ૧૪+૧૩૪=૧૪૮. મૂલ્ય રૂા. ૧૦૦/-. (શ્રી અરવિન્દ કેન્દ્રોને યોગ્ય વળતર આપવામાં આવશે.) મૂળ અનુવાદ તથા લખાણને ફરીથી તપાસી જઈ જરૂરી સુધારાવધારા કરીને તથા 'ઑરોવિલ' પ્રકરણમાં મૂળ અંગ્રેજી લખાણ ૧૯૮૫માં લખાયું ત્યાર સુધીની વિગતો સમાવાયેલી હતી તેમાં ઑરોવિલમાં ૧૯૮૫ પછી થયેલ કાર્ય અને પ્રગતિનો અહેવાલ 'ઑરોવિલ-એક પરિચય' માંથી સમાવવામાં આવ્યો છે. મૂળ અંગ્રેજી લખાણની વર્ષ ૧૯૮૬થી આજ સુધી દસેક આવૃત્તિઓ થઈ ગઈ છે. અને આ ગુજરાતી આવૃત્તિને પણ વાચકોએ હૃદયપૂર્વક અપનાવી લીધી હોવાથી વર્ષ ૧૯૯૯થી આજ સુધી એની ૬ આવૃત્તિઓ થઈ ગઈ છે. આ અનુવાદને શ્રી જ્યોતિબહેને હૃદયપૂર્વક આવકાર આપ્યો છે.

*

શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી સ્થિત આશ્રમના કોટેજ ગેસ્ટહાઉસમાં પ્રતિ વર્ષ જાન્યુઆરી દરમિયાન મુંબઈ અમદાવાદના સાધકોના એક વૃંદ દ્વારા એક માસના અભ્યાસ શિબિરનું આયોજન કરવામાં આવે છે. શિબિર સંચાલન શ્રી અનિલભાઈ પુરિ તથા શ્રી આશબહેન વળિયા કરે છે. જાન્યુઆરી-૨૦૧૬ના શિબિરમાં શ્રી આશબહેને 'સાવિત્રી' તથા શ્રી અનિલભાઈએ 'ચેતના' અને આનુષંગિક વિષયોનો તલસ્પર્શી અભ્યાસ શિબિરાર્થીઓને કરાવ્યો. શિબિર દરમિયાન શ્રી કિરીટભાઈ ઠક્કર તથા શ્રી મકરન્દ બ્રહ્મા (જેઓ આશ્રમમાં તે સમય દરમિયાન હતા)નાં વક્તવ્યોનાં આયોજનો પણ કરવામાં આવ્યાં હતાં. શ્રી કિરીટભાઈ ઠક્કરે ૧૪ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૦૦થી ૧૧ દરમિયાન 'Practical aspects of Sadhna' વિષય પર અંગ્રેજીમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. શ્રી મકરન્દ બ્રહ્માએ ૧૮ જાન્યુઆરીના રોજ આશ્રમના અંતેવાસી સાધક સ્વ. શ્રી નિશિકાન્તના જીવન અને એમની સાધના વિશે પ્રેરક પ્રવચન આપ્યું હતું. તા. ૨૦ જાન્યુઆરીના રોજ શ્રી મકરન્દ બ્રહ્મા સાથે શિબિરાર્થીઓની પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ થયો હતો. શિબિરાર્થીઓએ વક્તવ્યોને રસપૂર્વક માણ્યાં.

*

## જાહેરાત

પૂર્ણયોગના નિષ્ઠાવાન સાધક અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વક્તા ડૉ. અશ્વિનભાઈ કાપડિયાના ૪૨૪મા 'સાવિત્રી જ્ઞાનયજ્ઞ'નું આયોજન તા. ૧૭થી ૨૪ એપ્રિલ ૨૦૧૬ના રોજ રાત્રે ૮.૧૫થી ૧૦.૧૫ દરમિયાન ડાયનેમિક ફાઉન્ડેશનના ઉપક્રમે શ્રી ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ, શ્રી એચ.કે. કોલેજ કેમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ મુકામે કરવામાં આવનાર છે. For Registration Pl. Contact - 9978970017 (whatsapp/call). વધુ માહિતી માટે સંપર્ક કરો. Dr. K.H. Patel - Mob. 9426417952.

તા. ૧૬ને ૧૭ એપ્રિલ શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે ‘એકાગ્રતા’ વિષય ઉપર એક અભ્યાસ શિબિરનું આયોજન કરવામાં આવનાર છે. શિબિર સંચાલન સુ.શ્રી જ્યોતિબહેન થાનકી કરશે. શિબિરમાં ભાગ લેવા માગનર વિગતો માટે ફોન નં. ૨૪૧૨૬૮૫ (૦૨૬૫), ૨૪૧૮૯૭૮ (૦૨૬૫) ઉપર સંપર્ક કરે.

*

# PRABHU ARPAN
## FORM IV

| | |
|---|---|
| **1. Place of Publication** | Vadodara |
| **2. Periodicity of Publication** | Monthly |
| **3. Printer's Name Citizenship & address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| **4. Publisher's Name Citizenship & Address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| **5. Editor's Name Citizenship & Address** | Shri Kiritkumar Indravadan Thakkar<br>Indian,<br>E-102, Chandranagar Colony<br>Waghodia Road,<br>Vadodara - 390 019 |
| **6. Name and Address of the Owner** | Sri Aurobindo Society<br>Vadodara Branch. |

I hereby declare that the particulars given above are ture to the best of my knowledge and belief.

Vadodara
31-3-2016

Sd/-
***(Shri Sharadchandra M. Joshi)***
Publisher

જે જે કોઈ પણ શ્રી માતાજી તરફ વળેલું છે તે મારો યોગ જ કરે છે. માણસ પોતે પોતાની મેળે પૂર્ણયોગ 'કરી' શકે છે – એટલે કે પોતાના જ પ્રયત્ન દ્વારા યોગનાં સર્વ અંગોનો અમલ કરી શકે છે અને તે બધાંને સિદ્ધ કરી શકે છે એમ માનવું એ ઘણી મોટી ભૂલ છે. કોઈ પણ માનવ પ્રાણી આ કરી શકે તેમ નથી. સાધકે પોતે જે કરવાનું છે તે આ કે તે પોતાની જાતને શ્રી માતાજીના હાથમાં મૂકી દે અને સેવા દ્વારા, ભક્તિ દ્વારા, અભીપ્સા દ્વારા પોતાની જાતને શ્રી માતાજી પ્રત્યે ખુલ્લી કરે. એમ થતાં શ્રી માતાજી તેનામાં પોતાના પ્રકાશ અને શક્તિ વડે કામ કરવા લાગે છે અને તે રીતે સાધના થવા લાગે છે. વળી પોતે એક મહા પૂર્ણયોગી થવું છે કે અતિમનસ વ્યક્તિ બનવું છે એવી મહત્ત્વાકાંક્ષા સેવવી તેમ જ પોતે આ સિદ્ધિ તરફ કેટલે સુધી પ્રગતિ કરી છે તે જાણવા માગવું એ ભૂલ છે. સાધક માટે ખરું વલણ તો એ છે કે તે કેવળ શ્રી માતાજી પ્રત્યે પોતાની નિષ્ઠા વાળેલી રાખે, તેમને જ સમર્પિત બની રહે તેમ જ શ્રી માતાજી તેને જે બનાવવા ઇચ્છે તે બની રહેવાની પોતે ઇચ્છા રાખે. આ સિવાયની બીજી વસ્તુઓનો નિર્ણય કરવો અને તમારામાં તે કરી આપવી એ શ્રી માતાજીનું કાર્ય છે.

શ્રી અરવિન્દ

(વર્ષ ૦૨ : અંક ૪)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**